GSTIN: 24AAALM0547L1DB
કચેરી :- ૦૨૬૧-૨૪૫૫૩૦૧ થી ૨૪૫૫૩૦૪
અધ્યક્ષશ્રી :- ૦૨૬૧-૨૪૨૦૩૨૦
શાસનાધિકારી : (ઓ) ૦૨૬૧-૨૪૨૦૩૨૨
ઈ-મેઈલ :- info@msbsurat.in
વેબસાઈટ :- www.municipalschoolboardsurat.org

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત.

કાંસકી વાડ, જુના બસ સ્ટેન્ડ પાસે, ભાગળ,સુરત-૩૯૫૦૦૩

તા.-૩૦/૦૭/૨૧

જા.નં.- ૫૩૪૯

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી,
તમામ શાળા,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
સુરત.

<u>વિષય</u> :- "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના" હેઠળ વિનામૂલ્યે અન્ન વિતરણ અંગેના માન. પ્રધાનમંત્રીશ્રીના કાર્યક્રમ અન્વયે બાયસેગની સુવિધા ચાલુ રાખવા બાબત.

<u>સંદર્ભ</u> :- મહે.જિલ્લા પુરવઠા અધિકારીશ્રી,પુરવઠા શાખા, કલેક્ટર કચેરી, સુરત પત્ર નં.પરવ/એડીએમ/PMGKAY/વશી./૨૦૨૧,તા.૨૯/૦૭/૨૦૨૧.

જત ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજય સરકારને પાંચ વર્ષ પૂર્ણ થયાના અવસરે વિવિધ પ્રજાલક્ષી ક્લાયણકારી યોજનાઓના કાર્યક્રમોનું આયોજન કરાયેલ છે. જે અંતર્ગત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજયમાં આવેલ ૧૭૦૦૦ જેટલી વાજબી ભાવની દુકાનો પરથી રાહત દરે ઘઉં, ચોખા, ખાંડ,દાળ, મીઠું જેવી આવશ્યક ચીજવસ્તુઓનું રાહત દરે વિતરણ કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રજાલક્ષી કાર્યક્રમોના ભાગરૂપે "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના" અંતર્ગત NFSA લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણના સંભવિત કાર્યક્રમનું <u>તારીખ ૩ ઓગસ્ટ ૨૦૨૧ મંગળવારના</u> રોજ આયોજન કરાયેલ છે. જેમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી અને માન. મુખ્યમંત્રીશ્રીના ઉદ્દઘોષણના લાઈવ પ્રસારણ તેમજ કાર્યક્રમ પૂર્ણ થાય દરેક દુકાનદીઠ " રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩" (NFSA) હેઠળ સમાવિષ્ટ ૨૫ જેટલા લાભાર્થીઓને "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના" હેઠળ વિનામૂલ્યે અનાજ વિતરણના કાર્યક્રમના ભાગરૂપે લાભાર્થીઓને મળવાપાત્ર અનાજની જથ્થો વાજબી ભાવની દુકાનેથી Carry Bagમાં આપવાનું આયોજન કરાયેલ છે.

ઉપરોક્ત કાર્યક્રમ અંતર્ગત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,સુરતની પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, માનનીય પ્રધાનમંત્રીશ્રી અને માન.મુખ્યમંત્રીશ્રીના સંબોધનનું લાઈવ પ્રસારણ થઈ શકે તે રીતે બાયસેગ સાથે જોડાયેલ કનેકટીવીટી અને ટી.વી.ની ઉપ્લબ્ધતાની સગવડ કરવાની હોય જે આપની શાળામાં તારીખ ૦૩/૦૮/૨૦૨૧ના રોજ બાયસેગની સુવિધા ચાલુ રહે તે મુજબ વ્યવસ્થા કરવા નોંધ લેશો.

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સુરત.

<u>નકલ રવાના</u> :- પ્રતિ, ઇ.ચા.ઉપશાસનાધિકારીશ્રી, તમામ નિરીક્ષકશ્રી, તમામ યુ.આર.સી. તથા તમામ સી.આર.સી. જાણ સારૂં.